ચાલુ બાબત,

વર્ષ ૨૦૨૬-૨૭

દેશી ગાય આધારિત સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડુત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક:**ACD/BGT/e-file/2/2023/5046/K10**

સચિવાલય, ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા :**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:ACD/BGT/e-file/2/ 2023 /5046 /K10, તા.૦૩/૦૭/૨૦૨૫

(૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:ACD/BGT/e-file/2/ 2023 /5046 /K10, તા.૦૪/૦૩/૨૦૨૪

(3) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ACD/KES/e-file/2/2022/2412/K6 Section - Agri II, તા.૨૧/૦૪/૨૦૨૩

(૪) ખેતી નિયામકશ્રી, કચેરીના પત્ર ક્રમાંક:DOA/0149/03/2026, તા.૨૦/૦૩/૨૦૨૬

(૫) નિયામકશ્રી, આત્મા કચેરીના પત્ર ક્રમાંક:જીઓજી/આત્મા/૪૯૪-૯૫/૨૦૨૬,તા. ૧૩/૦૩/૨૦૨૬

**પ્રસ્તાવના:**

દેશી ગાય આધારિત સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડુત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજનાને વંચાણે લીધેલ સંદર્ભ (૧) મુજબના ઠરાવથી વર્ષ ૨૦૨૫-૨૬ માં ચાલુ બાબત તરીકે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. આ યોજના માટે વર્ષ:૨૦૨૬-૨૭ માં કરવામાં આવેલ જોગવાઈને વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, આત્માએ વંચાણે લીધેલ સંદર્ભ (૪) અને (૫) થી દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

**ઠરાવ :**

સરકારશ્રીની વિચારણાના અંતે, વર્ષ: ૨૦૨૬-૨૭ માટે દેશી ગાય આધારિત સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડુત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના માટે રૂ.૧૫૦.૦૦ કરોડની નાણાકીય જોગવાઈને

Signature Not Verified
Signed by : Marut V Chavda
Section Officer
Agriculture Farmers Welfare
and Co-operation Department
Date : 2026.05.02 17:25:32 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:

1. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી નિયામકશ્રી, આત્માની રહેશે.
2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, આત્માએ રાખવાની રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. i khedut portal પર ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
6. નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
7. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
8. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
9. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
10. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
11. જો કોઇ કેંદ્રિય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળેથી જ ખરીદી કરવાની રહેશે.
12. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે
13. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
14. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
15. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે

Signature Not Verified
Signed by : Marut V Chavda
Section Officer
Agriculture Farmers Welfare and Co-operation Department
Date : 2026.05.02 17:25:32 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

સરન્ડર કરવાની રહેશે.

16. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
17. સદર યોજના હેઠળ મંજુર જોગવાઈ સામે રીલિઝ કરવામાં આવતી ગ્રાન્ટ નિયામકશ્રી, ગુજરાત આત્માને હવાલે મૂકવા માટે ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને આથી અધિકૃત કરવામાં આવે છે.
18. સદર યોજનાની સામાન્ય શરતો અને બોલીઓ પરિશિષ્ટ - ૧ મુજબ અને યોજના હેઠળ મળવાપાત્ર સહાય, લાભાર્થીની પાત્રતા, અરજી કરવાની પદ્ધતિ અરજી મંજુરી અને સહાય ચુકવણીની કાર્યપધ્ધતિ પરિશિષ્ટ - ૨ મુજબ રહેશે.
19. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં : ૦૨

મુખ્ય સદર : ૨૪૦૧- પાક કૃષિ વ્યવસ્થા

ગૌણ સદર : ૧૦૯- અન્ય ખર્ચ

પેટા સદર : ૦૯ - દેશી ગાય આધારિત સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૧/૦૪/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(મરુત વી. ચાવડા)**

**સેકશન અધિકારી**

**કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**પરિશિષ્ટ-૧ અને ૨**

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,

Signature Not Verified
Signed by : Marut V Chavda
Section Officer
Agriculture Farmers Welfare and Co-operation Department
Date : 2026.05.02 17:25:32 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- નિયામકશ્રી આત્મા, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે સંબધિત અધિકારીશ્રી/ કચેરી ( નિયામકશ્રી આત્મા ની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, આઈટી શાખા, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય તરફ સદર ઠરાવને અપલોડ કરવા વિનંતી.
- સિલેકટ ફાઇલ.

## પરિશિષ્ટ - ૧

## સામાન્ય શરતો અને બોલીઓ

1. આ યોજનામાં અગાઉનાં વર્ષોમાં અરજી કરેલ લાભાર્થીઓને પણ સહાય મળવાપાત્ર રહેશે. જ્યારે નવી જોગવાઈની મર્યાદામાં નવા લાભાર્થીઓનો પણ સમાવેશ કરવાનો રહેશે અને તે માટે જે જિલ્લાના લાભાર્થીઓની સંખ્યા ઓછી હોય ત્યાં નવી અરજીઓ મેળવવા કાર્યવાહી કરવાની રહેશે.

2. જો કોઈ લાભાર્થીને આ યોજનાનો લાભ મળેલ હશે અને રાસાયણિક ખાતરનો વપરાશ કરતા માલુમ પડશે તો તાત્કાલિક સહાય બંધ કરવાની રહેશે. વધુમાં અરજદાર ખેડુતે સહાય મંજુર થયા પછી ઓછામાં ઓછી ૪૦ ગુંઠા વાળા વિસ્તારમાં દેશી ગાયના ગૌમુત્ર અને છાણ આધારિત પ્રાકૃતિક ખેતી કરવાની રહેશે. જો આ શરતનો ભંગ થશે તો મંજુર થયેલ સહાય પરત જમા કરવાની રહેશે અન્યથા સરકારશ્રી રેવન્યુ રાહે વસુલ કરશે તેવી બાંહેધરી અરજદારે આપવાની રહેશે.

3. આ યોજનામાં ખેડુત લાભાર્થીએ અરજી કરેલ હોય અને તેને આ યોજના હેઠળ સહાય મળતી હોય તે દરમિયાન લાભાર્થી ખેડુતનું કોઇ પણ રીતે અવસાન થાય તેવા સંજોગોમાં લાભાર્થીનું સક્ષમ અધિકારીએ આપેલ મરણ પ્રમાણપત્ર તથા વારસાઈ કરાવી વારસાઈમાં જેનું નામ હોય તેને અથવા એકથી વધારે વારસાઈમાં નામ હોય ત્યારે બધા વારસદારોની લેખીત સંમતિથી કોઇ પણ એકને આ યોજનાની સહાય મળશે. પરંતુ આ યોજનાની તમામ શરતો અને બોલીઓનું પાલન કરવાનું રહેશે.

4. આ યોજનાના નિયંત્રણ અધિકારી તરીકે રાજ્ય કક્ષાએ નિયામક, આત્મા અને જિલ્લા કક્ષાએ અમલીકરણ અધિકારી તરીકે પ્રોજેક્ટ ડાયરેક્ટર,આત્મા રહેશે.

5. આ યોજના નિયામકશ્રી, આત્માના અંકુશમાં રહેશે. યોજનાના અમલીકરણ બાબતમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો અર્થઘટના તાંત્રિક બાબતો અંગેનો આખરી નિર્ણય અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ) / અગ્રસચિવ(કૃષિ)ના પરામર્શમાં

નિયામકશ્રી, આત્માનો રહેશે.

6. પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્માએ જિલ્લા કક્ષાએ લાભાર્થીનું નામ, ગામનું નામ, ખાતા નંબર, સહાયની રકમ, લાભ આપ્યાનું વર્ષ વગેરે વિગતો ધરાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

7. દેશી ગાયનું મૃત્યુ થાય અથવા વેચી નાખવામાં આવે અથવા પ્રાકૃતિક કૃષિ બંધ કરવામાં આવે ત્યારે મળવાપાત્ર સહાય બંધ કરવામાં આવશે અને બીજી ગાય વસાવવામાં આવે અને પ્રાકૃતિક કૃષિ કરવામાં આવે ત્યારે ફરીથી નવેસરથી અરજી કરવાની રહેશે.

8. લાભાર્થીએ ગાયના કોઇ આકસ્મિક મૃત્યુના કેસમાં અથવા તે ગાય વેચી દેવી અથવા બીજા કોઇએ આપી દીધી હશે અને ગાય ધરાવતા ન હોયતો તાલુકા / જિલ્લાની આત્માની કચેરીને તાત્કાલિક જાણ કરી સહાય બંધ કરાવવાની રહેશે. અન્યથા મેળવેલ રકમ વસુલાતને પાત્ર રહેશે.

9. અરજી મંજુર થયા પછી કોઇ પણ તબક્કે આત્માના કે અન્ય સરકારી સ્ટાફ મારફતે માલુમ પડશે કે અરજદાર પ્રાકૃતિક ખેતી નથી કરતા અથવા દેશી ગાય ધરાવતા નથી તો પણ તાત્કાલિક અસરથી સહાય બંધ કરવામાં આવશે.

10. રાજ્ય સરકારશ્રી દ્વારા આ યોજનાની ગ્રાન્ટ ખેતી નિયામકશ્રી મારફત નિયામકશ્રી, આત્માને ફાળવવાની રહેશે. નિયામકશ્રી, આત્માને મળેલ ગ્રાંટ જિલ્લા કક્ષાએ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, આત્માને કામગીરીને ધ્યાને લઇને ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

11. આ યોજનાની કુલ નાણાકીય જોગવાઇને ધ્યાનમાં રાખી જિલ્લાઓને ફાળવવામાં આવેલ લાભાર્થીઓનો લક્ષ્યાંક નાણાકીય મર્યાદામાં વધ-ઘટ, નિયામકશ્રી, આત્મા, ગાંધીનગર કરી શકશે.

12. પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્માએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં નિયામકશ્રી આત્માને સમયસર મોકલવાના રહેશે તેમજ થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરવાની રહેશે.

13. નાણાંકીય ચુકવણી હંમેશા DBT થી કરવાની રહેશે.

14. આઇ-ખેડુત પોર્ટલ પર સમયાંતરે જરૂરિયાત અનુસાર કરવામાં આવતા ફેરફારો કે માર્ગદર્શક સુચનો આ યોજનાના અમલીકરણ માટે પણ લાગુ રહેશે.

15. આ કાર્યક્રમના અમલીકરણ માટે આઇ ખેડુત પોર્ટલ પર અરજી પત્રક તેમજ તેને આનુષાંગિક પત્રકો નિયામકશ્રી, આત્મા એ નિયત કરવાનારહેશે.

16. ગામના લાભાર્થીઓની યાદી ગ્રામ પંચાયતના ચોરા પર પ્રસિધ્ધ કરવાની રહેશે.

17. આ યોજનાનો કન્ટીજન્સી ખર્ચ આત્મા યોજના/ સમેતિ રીવોલ્વીંગ ફંડમાંથી પાડવાનો રહેશે.

Signature Not Verified
Signed by : Marut V Chavda
Section Officer
Agriculture Farmers Welfare
and Co-operation Department
Date : 2026.05.02 17:25:32 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

## પરિશિષ્ટ – ૨

## યોજના હેઠળ મળવાપાત્ર સહાય, લાભાર્થીની પાત્રતા, અરજી કરવાની પદ્ધતિ અરજી મંજુરી અને સહાય ચુકવણીની કાર્યપધ્ધતિ

### ક. યોજના હેઠળ મળવાપાત્ર સહાય :

દેશી ગાય આધારિત સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચ અર્થે રૂ.૯૦૦/- પ્રતિ માસ (રૂ.૧૦,૮૦૦/- ની વાર્ષિક મર્યાદામાં) સહાય આપવાની આ યોજના છે. જે હેઠળ રાજ્યના તમામ ખેડૂતોને લાભ મળવાપાત્ર થશે.

### ખ. યોજના હેઠળ ખેવા લાભાર્થીની પાત્રતા :

૧. અરજદાર ખેડુત અરજીના સમયે આઇડેન્ટીફિકેશન ટેગ સહિતની દેશી ગાય ધરાવતો હોવો જોઇએ અને તેના છાણ મુત્રથી પ્રાકૃતિક ખેતી કરતો હોવો જોઇશે અથવા જ્યારે પ્રાકૃતિક ખેતી કરતા થશે ત્યાર પછી લાભ મળવાપાત્ર થશે. અરજદાર ખેડૂત અરજીના સમયે આઈડૅન્ટીફિકેશન ટેગ વગરની દેશી ગાય ધરાવતો હશે તો, તે પણ અરજી કરી શકશે. પરંતુ ડ્રોમાં પસંદગી થયેથી આઈડૅન્ટીફિકેશન ટેગ ફરજિયાત લગાવવાની રહેશે.

૨. આ યોજનાનો લાભ દેશી ગાય ધરાવતા (વિદેશી ગાયો જેવી કે જર્સી અને એચ.એફ. સિવાયની) અને ખેડુતે ધારણ કરેલ જમીન પૈકી ઓછામાં ઓછી એક એકર (૪૦ ગુંઠા) જમીનમાં દેશી ગાય આધારિત સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોને મળવાપાત્ર થશે. વાછરડા ગાય તરીકે ગણાશે નહી.

૩. આ યોજના હેઠળ એક ખાતા (નમુના નંબર ૮-અ મુજબ) હેઠળ સંયુક્ત ખાતે લાભાર્થીને એક વાર સહાયનો લાભ મળશે.

૪. અરજદાર ખેડૂતે પ્રાકૃતિક કૃષિના માસ્ટર ટ્રેનર્સ પાસેથી અથવા પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધેલ હોવી જોઇશે.

### ગ. લાભાર્થીએ અરજી કરવાની પદ્ધતિ :

૧. અરજદાર ખેડુતે પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્માને આઇ-ખેડુત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી ગ્રામ કક્ષાએ ઈ-ગ્રામ મારફતે અથવા જ્યાં પણ કોમ્પ્યુટર-ઇન્ટરનેટની સુવિધા હોય ત્યાંથી કરી શકાશે. આ ઉપરાંત અરજદાર ભૌતિક અરજી સંબંધિત કચેરીમાં રજુ કરે તો, કચેરીએ સમય મર્યાદામાં પોર્ટલ ખુલ્લુ હોય ત્યાં સુધી પોર્ટલ પર અરજી ચડાવવાની રહેશે.

૨. ઓનલાઇન અરજી કર્યા બાદ અરજદારે અરજીની પ્રિન્ટઆઉટ મેળવી તેની ઉપર સહી / અંગુઠો કરી જરૂરી સાધનિક કાગળો સાથે જે તે સેજાના ગ્રામસેવક / બીટીએમ/એટીએમ / પ્રોજેક્ટ ડાયરેક્ટર-આત્માની કચેરીને રજુ કરવાની રહેશે.

૩. અરજદારે અરજીની પ્રિન્ટઆઉટ મેળવી તેની ઉપર સહી અંગુઠો કરી જરૂરી સાધનિક કાગળો જેવા કે,

- ૮-અ ની નકલ
- સંયુક્ત ખાતેદાર હોય તો અન્ય ખાતેદારનું સંમતિ પત્રક
- બેન્ક પાસબુકની નકલ / રદ કરેલ ચેક સામેલ રાખી દિન-૭ માં તાલુકાના બીટીએમ) એટીએમ / ગ્રામસેવકને રજુ કરવાના રહેશે.

**ઘ.અરજીઓની ચકાસણી અને મંજૂરીની કાર્યપધ્ધતિ :**

૧. મળેલ તમામ નવી અરજીઓ એટીએમ/ બીટીએમ દ્વારા ઈનવર્ડ કરવાની રહેશે.

૨. મળેલ તમામ નવી અરજીઓનો ડ્રો કરી તે પછી અરજીઓના સાધનીક કાગળો ચકાસી તેની પાત્રતા /બિન પાત્રતા નક્કી કરવાની રહેશે અને તેના આધારે ગાયની ખરાઈ તથા ટેગ વેરીફીકેશન અને પ્રાકૃતિક કૃષિ અંગેનું વેરીફિકેશન કરવાનું રહેશે, જેના માટે પ્રોજેક્ટ ડાયરેક્ટર,આત્માએ જિલ્લાના તમામ બીટીએમ/એટીએમ/ગ્રામ- સેવક/બાગાયત અધિકારી/ ફાર્મર ફ્રેન્ડ/સંયોજક/ જીપીકેવીબી ના તાલુકા પ્રોજેક્ટ મેનેજર કમ માસ્ટર ટ્રેનર/ ખેતી મદદનીશ પૈકી કોઈપણ બે જણાની ટીમ બનાવી દિન-૭ માં વેરિફિકેશન કરી લાભાર્થીના ગાય સાથેના ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે

૩. અરજીઓને ડ્રો કર્યા પછી તાત્કાલિક આઈડૈન્ટીફિકેશન ટેગ લગાવવાની અને ફિલ્ડ વેરીફિકેશનની કામગીરી અંગેનો લાભાર્થી તેમજ ગાય સાથેના ફોટો અને પ્રાકૃતિક કૃષિ કરે છે તે અંગેનુ પ્રમાણપત્ર આઈ-ખેડૂત પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે. ટીમ મારફતે ફિલ્ડ વેરીફિકેશન કર્યા પછી પ્રમાણપત્રના આધારે આખરી સહાયના હુકમ કરવાના રહેશે.

૪. આ યોજનાના લાભાર્થીઓને સરકારશ્રી ઇચ્છે ત્યાં સુધી લાભ આપી શકાશે.

**ચ. સહાય ચુકવણીની કાર્યપધ્ધતિ :**

૧. મંજુર કરેલ લાભાર્થીઓને ગાયના નિભાવ ખર્ચ માટે માસિક રૂ.૯૦૦/- લેખે છ માસિક એડવાન્સ સહાયની રકમ રૂ.૫૪૦૦/- લાભાર્થીના બેન્કએકાઉન્ટમાં DBT થી જમા કરાવવાની રહેશે. જો લક્ષ્યાંક પરિપુર્ણ થતો ન હોય તો પેન્ડીંગ અરજીઓ કે પોર્ટલ ખોલીને નવીન અરજીઓ મંગાવવામાં આવેલ હશે અને તેનો સમયગાળો છ માસથી ઓછો હશે તો ત્રિમાસિક રૂ.૨૭૦૦/- લેખે પણ હપ્તો ચુકવી શકાશે.

૨. દર છ માસે ટેગ સહિત ગાયની હયાતી તથા લાભાર્થી પ્રાકૃતિક કૃષિ કરે છે તે મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું થાય છે. જે મુજબ આ યોજનાની નવી અરજી કરેલ લાભાર્થીઓનું પ્રથમ વેરીફિકેશન અરજીઓની ચકાસણી અને મંજૂરીની કાર્યપધ્ધતિની શરત નં ઘ.(૨) મુજબનુ કરવાનું રહેશે.

૩. ત્યારબાદ તમામ લાભાર્થીઓની છ માસિક ચકાસણી SPNFના જિલ્લા/તાલુકા સંયોજક / સહસંયોજક અથવા ગ્રામ-સેવક/બીટીએમ/એટીએમ અથવા GPKVBના તાલુકા પ્રોજેક્ટ મેનેજર કમ માસ્ટર ટ્રેનર, ખેતી મદદનીશ પૈકી કોઈપણ એક દ્વારા વારાફરતી ચકાસણી કરવાની રહેશે અને લાભાર્થી તેમજ ગાય સાથેના ફોટો અને પ્રાકૃતિક કૃષિ કરે છે તે અંગેનુ

Signature Not Verified
Signed by : Marut V Chavda
Section Officer
Agriculture Farmers Welfare and Co-operation Department
Date : 2026.05.02 17:25:32 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

પ્રમાણપત્ર આઈ-ખેડૂત પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે,જે આધારે પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માએ છ માસિક સહાય ચુકવવાની રહેશે. ચકાસણી દરમ્યાન ખેડુત પાસે જો ગાય ન હોય અને પ્રાકૃતિક કૃષિ ન કરતો હોય તો યોજના હેઠળની સહાય બંધ કરવાની રહેશે.

૪. અરજીની સંખ્યાને ધ્યાને લઇને પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માએ ગ્રામસેવક / બીટીએમ / એટીએમ કામગીરીની ફાળવણી કરી શકશે.

**છ. યોજનાની સમીક્ષા :**

- જિલ્લા કક્ષાએ યોજનાની સમીક્ષા દર ત્રણ માસે જિલ્લા આત્મા ગવર્નીંગ બોર્ડ (AGB) અને દર છ માસે રાજ્યકક્ષા સમિતિની બેઠકમાં કરવાની રહેશે.

***********************************************************************************************************